આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-09-07-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---

## વિશ્વ આદિવાસી દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

વિશ્વ આદિવાસી દિવસ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી, ડૉ. કુબેર ડીંડોર સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વિશ્વ આદિવાસી દિવસની શુભેચ્છા આપી હતી. સાથે દેશની આઝાદીમાં આદિવાસીઓના યોગદાનને પણ યાદ કર્યું હતું.

તો રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કેબિનેટમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં દાંતા ખાતે વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

આદિવાસી સંસ્કૃતિ અને સભ્યતાને વધુ મજબૂત કરવા માટે આજથી 42 વર્ષ પહેલાં, 9 ઓગસ્ટના રોજ સંયુક્ત રાષ્ટ્ર (UN) એ વિશ્વ આદિવાસી દિવસ (વિશ્વના આદિવાસી લોકોનો આંતરરાષ્ટ્રીય દિવસ) જાહેર કર્યો હતો. આજે આ દિવસ વિશ્વના 90થી વધુ દેશોમાં રહેતા આદિવાસીઓને સમર્પિત છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસીઓના અધિકારો અને અસ્તિત્વના રક્ષણ માટે જાગૃતિ ફેલાવવાનો છે.

RNU અમદાવાદ

---

## હર ઘર તિરંગા અભિયાન

આઝાદીની ઉજવણી યાદગાર બનાવવા તેમજ નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના પ્રબળ બને તે હેતુથી જિલ્લામાં ૧૩ ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન અને "તિરંગા યાત્રા" અંતર્ગત કાર્યક્રમોનો પ્રારંભ થયો છે. જિલ્લામાં યોજાનાર વિવિધ કાર્યક્રમો અંતર્ગત તાલુકા કક્ષાએ ચિત્ર, નિબંધ, રંગોળી સ્પર્ધા તથા દરેક સરકારી કચેરીમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તો આવતીકાલે જિલ્લાના આઇકોનિક સ્થળ કોટેશ્વર, માંડવી બીચ, માતાનામઢ તથા ધોળાવીરા ખાતે તિરંગા યાત્રા યોજાશે. ૧૧મી ઓગસ્ટના સવારે ભુજના જયુબિલી ગ્રાઉન્ડ ખાતેથી ઓલ્ડફેડ હાઇસ્કુલ સુધી તિરંગા યાત્રાનું આયોજન કરાયું છે. જેમાં પોલીસ જવાનો, શાળાના બાળકો, પરંપરાગત લોક નૃત્ય કલાકારો, પોલીસ બેન્ડ, રમતવીરો સહિત મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે. જયારે ૧૨મી ઓગસ્ટના તમામ તાલુકા મથક પર મુખ્ય કાર્યક્રમ અને દરેક ગ્રામ પંચાયત દીઠ કાર્યક્રમો તથા તિરંગા યાત્રા યોજાશે. ૧૩મી ઓગસ્ટના સરહદી વિસ્તારના ૫૯ ગામોમાં એકતા અને સમસરતા તથા રાષ્ટ્રભાવના બળવત્તર બને તે હેતુથી તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

**મા.ખા.**

---

# પી.એમ. કિસાન યોજના ઈકેવાયસી

પીએમ કિસાન યોજના હેઠળ ઈ-કેવાયસી ફરજીયાત કરવામાં આવ્યું છે. જે લાભાર્થીઓને આગામી ૧૮મો હપ્તો મેળવવા માટે ઈ-કેવાયસી બાકી હોય તેવા તમામ લાભાર્થીઓએ ઈ-કેવાયસી ફરજીયાત કરાવી લેવાનું રહેશે. આ માટે **કોમન સર્વિસ સેન્ટર, ગ્રામ પંચાયત, ગ્રામ સેવક (ખેતી)નો સંપર્ક કરી** બાયોમેટ્રીક ઓથેન્ટીફીકેશન/ ફેસઓથેન્ટિકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવી લેવાનું રહેશે. આ ઉપરાંત અન્ય પધ્ધતિઓ દ્વારા પણ ઈ-કેવાયસી પૂર્ણ કરી શકાય છે. જે લાભાર્થીઓનો આધાર સાથે મોબાઈલ લીંક હોય તેવા લાભાર્થીઓ આધાર ઓટીપી દ્વારા ઘરે બેઠા સરળતાથી જાતે જ ઈ-કેવાયસી કરી શકે છે તેવું જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

મા.ખા.

---

## એસસી/એસટી અનામત મુદ્દે પ્રધાનમંત્રીની સ્પષ્તા-વિનોદ ચાવડા

ભારતીય જનતા પાર્ટીના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા સહિત લગભગ 100 જેટલા સાંસદોએ આજે સંસદ ભવન ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી.

આ બેઠકમાં પ્રધાનમંત્રી મોદીએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અનામત દૂર કરવાની કોઈ વિચારણ નથી તેવું જણાવ્યું હોવાનું કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું.

N.P

---

## ગરીબ કલ્યાણ મેળાની 14મી કડીનું આયોજન

રાજ્ય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાની 14મી કડી આગામી સપ્ટેમ્બર માસમાં યોજવાનો નિર્ણય કરાયો છે. જે અંતર્ગત ગરીબ કલ્યાણના લક્ષ્યાંકને પાર પાડવા દરેક જિલ્લામાં એક એક એમ કુલ 33 ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરાશે. ગરબી કલ્યાણ મેળાઓના માધ્યમથી અંદાજે 90 હજારથી વધુ લાભાર્થીઓને 125 કરોડ રૂપિયાની સાધન સહાય કીટસનું પ્રત્યક્ષ વિતરણ કરવા સબંધિત વિભાગોને આદેશ અપાયા છે. સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આ મેળાના સ્થળે જ લોકોને મળી રહે તે માટે વિવિધ વિભાગોના સ્ટોલ્સ ઉભા કરવાનું પણ સુચન કરાયું છે. અત્રે જણાવીએ કે, ગરીબ કલ્યાણ મેળાની 13 કડીઓમાં અત્યાર સુધી 1604 મેળાઓ દ્વારા 36,800 કરોડ 90 લાખ રૂપિયાની સહાય 1 કરોડ 66 લાખ જેટલા લાભાર્થીઓને પહોચાડવામાં આવી છે.

N.P

---

# શ્રાવણ સુદ પાંચમ/નાગપાંચમની ઉજવણી

આજે શ્રાવણ સુદ પાંચમના નાગપંચમીના ભુજિયા ડુંગર ખાતેના મેળા સાથે જિલ્લામાં શ્રાવણી મેળાઓનો પ્રારંભ થયો છે. આજે સવારે જિલ્લા મથક ભુજના ઐતિહાસિક ભુજિયા ડુંગરે ભુજંગ દેવની પૂજનવિધિ રાજવી પરિવારના પ્રતિનિધિ દ્વારા કરાયા બાદ લોક મેળાને ખુલ્લો મુકાયો છે. જેમાં સવારથી જ બહોળી સંખ્યમાં ભાવિક ભક્તો દર્શનાર્થે પહોંચ્યા હતા. જિલ્લાના શહેરી ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના લોકો પરંપરાગત આ મેળાને માણી રહ્યા છે.

**N.P**

---

RNUBHUJ